જન્મદિને વધામણી

શિલ્પાબેન રણજીતકુમાર ચૌહાણ

પારૂલબેન કૌશિકકુમાર ખડાયતા

મંથન કૌશિકકુમાર ખડાયતા

જાસ્મી દિનેશભાઈ વધાસીયા
મો. ૯૪૨૭૬ ૦૯૪૨૯

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલનો ૧૦૦મા વર્ષમાં પ્રવેશ

ગાંધીનગર ચેપ્ટરના નવા વર્ષના પ્રમુખ તરીકે નયનકુમાર મધુકર

નયનકુમાર મધુકર
પ્રમુખ

શૈલેષભાઈ પટેલ
સેક્રેટરી

ભરત પંડ્યા
ખજાનચી

ગાંધીનગર, તા. ૨૭

લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના નવા વર્ષના સુકાની તરીકે શહેરના તરવરિયા યુવા નયનકુમાર મધુકરની વરણી કરવામાં આવી છે.

પહેલી જુલાઈથી આરંભાઈ રહેલા ક્લબના નવા વર્ષના પ્રમુખ તરીકે નયનકુમાર મધુકર, સેક્રેટરી તરીકે શૈલેષભાઈ પટેલ અને ખજાનચી તરીકે ભરત પંડ્યાની વરણી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલની શરૂઆત ૧૯૧૭માં મેલ્વિન જોન્સ નામના વીમા એજન્ટ તરીકે કરવામાં આવી હતી. આજે વિશ્વના ૨૧૦ દેશોમાં તેની૪૫૦૦ જેટલી ક્લબ્સ છે, જેમાં ૧૫ લાખ જેટલા મેમ્બર્સ જોડાયા છે. ગાંધીનગર લાયન્સ ક્લબ એ 'ડિસ્ટ્રીક્ટ ૩૨૩ બી' હેઠળ આવે છે. આ ડિસ્ટ્રીક્ટમાં ૧૦૯ જેટલી ક્લબ્સ છે, જેમાં ૫૫૦૦ જેટલા મેમ્બર્સ જોડાયા છે.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ એ વિશ્વની સર્વશ્રેષ્ઠ સેવા સંસ્થાના ઍવોર્ડથી સન્માનિત થઈ છે અને તેના દુનિયાભરના નેટવર્કના માધ્યમથી દર બે સેકન્ડે એક સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી રહી છે.

લાયન્સ ક્લબ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે ત્યારે નવા વરાયેલા પ્રમુખ નયનકુમાર મધુકર દ્વારા ગાંધીનગરને સેવાઓના એક અનોખા પુષ્પગુચ્છની ભેટ ધરવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

બ્લડ ડોનેશન કેમ્પ, નેત્ર નિદાન કેમ્પ, મોતિયાના ફ્રી ઑપરેશન, રાહત દરે ચશ્માનું વિતરણ અને ડાયાબિટીસ ચેક-અપ કેમ્પ જેવા સેવાકીય ઉપક્રમોનો પુષ્પગુચ્છ ગાંધીનગરને ભેટ ધરવા લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર ઉત્સુક છે એમ તેમણે જણાવ્યું છે.

સંસ્થાના ૧૦૦મા વર્ષ દરમિયાન યુથ ડેવલપમેન્ટ, હંગર કેર, વિઝન ફર્સ્ટ, ઍન્વાયરમેન્ટ અને ડાયાબિટીસ કેર જેવી પ્રવૃત્તિઓ ઉપર ન માત્ર વિશ્વભરમાં પરંતુ ગાંધીનગરમાં પણ કાર્ય કરવામાં આવશે, એમ જણાવતાં તેમણે સેવાકાર્યોના આ યજ્ઞમાં સૌ નગરજનોને પોતાના યોગદાન અથવા સભ્યપદના માધ્યમથી આહૂતિ આપવા માટે અનુરોધ કર્યો છે.

પીજી મેડિકલની ખાલી બેઠકો પર પ્રવેશ માટે ટકાવારી ઘટાડાઈ

ગાંધીનગર, તા. ૨૭

રાજયમાં પીજી મેડિકલમાં પ્રવેશ માટે રિશફલિંગની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૩૦૯ જેટલી બેઠકો ખાલી પડી છે. ઓલ ઈન્ડિયા કવોટામાં પણ અંદાજે ૫ હજાર જેટલી બેઠકો ખાલી પડી છે. આ બેઠકો ભરવા માટે હવે ડેન્ટલની જેમ નીટનું મેરીટ ૭.૫ ટકા જેટલુ ઘટાડવાનો નિર્ણય કરાયો છે. ઘટાડેલી ટકાવારી પ્રમાણે નવેસરથી મેરીટલીસ્ટ જાહેર કરીને વિદ્યાર્થીઓ પાસે અરજીઓ મંગાવવાનું નક્કી કરવામાં આવ્યુ છે. નીટ દ્વારા નવેસરથી મેરીટલીસ્ટ જાહેર કર્યા બાદ ખાલી પડેલી બેઠકો માટે દરેક રાજયો દ્વારા નવેસરથી પ્રવેશની પ્રક્રિયા કરવામાં આવશે.

પીજી મેડિકલમાં પ્રવેશ માટેની બે રાઉન્ડ પુરા થયા બાદ સમગ્ર દેશમાં અંદાજે ૫ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. રાજયમાં કુલ ૧૮૪૩ જેટલી બેઠકોમાંથી ૩૯૦ બેઠકો ખાલી પડી હતી. હાલમાં જે કાર્યવાહી થઈ તેમાં ઓપન કેટેગરી માટે ૫૦ ટકા પર્સન્ટાઈલ, અનામત કેટેગરીમાં ૪૦ અને પી.એચ.કેટેગરીમાં ૪૫ ટકા પર્સન્ટાઈલ પ્રમાણે વિદ્યાર્થીઓનું મેરીટલીસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રમાણે સળંગ બે વખત રિશફલિંગ કરવા છતાં રાજયમાં ૩૯૦ બેઠકો ખાલી પડી હતી. આજ રીતે ઓલ ઈન્ડિયામાં અંદાજે ૫ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. કેન્દ્ર સરકાર દ્વારા આગામી તા.૩૦મી સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાની તાકીદ કરવામાં આવી છે. કોમન કાઉન્સેલિંગમાં ૫૦ ટકા પ્રમાણે મેરીટમાં આવતાં તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે બોલાવી લેવામાં આવ્યા છે. જો હવે ફરીવાર રિશફલિંગની પ્રક્રિયા કરવામાં આવે તો પણ આ જ વિદ્યાર્થીઓ આવે તેમ હોવાથી ખાલી બેઠકોમાં કોઈ ફરક પડે તેમ નથી. આ સ્થિતિમાં હવે અગાઉ નિર્ધારીત કરાયેલા પર્સન્ટાઈલમાં ઘટાડો કરવાનો નિર્ણય કરાયો છે. દરેક કેટેગરીમાં અંદાજે ૭.૫ ટકાનો ઘટાડો કરીને નવેસરથી નીટનું પરિણામ એટલે કે મેરીટલીસ્ટ જાહેર કરવામાં આવશે. આ મેરીટમાં આવતાં હોય તેવા વિદ્યાર્થીઓની યાદી જાહેર કરાશે. આ મેરીટમાં ઘટાડેલા પર્સન્ટાઈલમાં આવતાં હોય તેવા વિદ્યાર્થીઓના નામ અને યાદી જાહેર કરાશે જેમના નામ આવે તે તમામ વિદ્યાર્થીઓને ખાલી પડેલી બેઠકોમાં પ્રવેશની તક આપવામાં આવશે. આગામી બે દિવસમાં નવી મેરીટયાદી જાહેર કરાશે. જેના આધારે દરેક રાજયની પીજી પ્રવેશ સમિતિએ નવેસરથી કાર્યવાહી કરવાની રહેશે.

ડાયરેક્ટ સે

કેટલાક સવાલોના જવાબ
સમય આપે છે
અને જ્યારે આપે છે
ત્યારે લાજવાબ આપે છે

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૨
સચિન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧.૩૦
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, અંગ્રેજી) ૩.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧.૦૦, ૪.૦૦
હિન્દી મીડિયમ
૭.૦૦
હાફ ગર્લફ્રેન્ડ
રાત્રે ૧૦.૦૦

સ્ક્રીન-૫
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૪૫, ૬.૪૫
બાહુબલિ-૨
૩.૩૦, ૯.૩૦
સચિન
સવારે ૧૦.૦૦

આરટીઈમાં પ્રવેશ ફાળવણી મુદ્દે વાલીઓએ આક્રોશ વ્યક્ત કર્યો

અમદાવાદ ડીઈઓ કચેરી ખાતે પૂરતી માત્રામાં સ્ટાફ ન હોવાના લીધે વાલીઓ યોગ્ય રજૂઆત ન કરી શક્યા

ગાંધીનગર, તા. ૨૭

રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઆઈ)ની પ્રવેશ કાર્યવાહી દરમિયાન સૌથી વધુ અમદાવાદમાં વાલીઓને હાલાકી પડી હતી. જેમાં રોજ વાલીઓના ટોળા ડીઈઓ કચેરી ખાતે ઉમટી પડે છે. શુક્રવારે પણ ૧૦૦ જેટલા વાલીઓ ડીઈઓ કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને દુરની સ્કૂલમાં પ્રવેશ તથા પસંદગીની સ્કૂલમાં પ્રવેશ મળ્યો ન હોવાનું જણાવી હોબાળો મચાવ્યો હતો. વાલીઓ ડીઈઓ કચેરી ખાતે રજૂઆત કરવા માટે આવ્યા ત્યારે તેમની રજૂઆત અંગે યોગ્ય સિસ્ટમ ઉભી કરવામાં આવી ન હોઈ વાલીઓમાં રોષ ફેલાયો હતો.

અનુસાર આરટીઈમાં પારદર્શકતા આવે તે માટે ચાલુ વર્ષથી પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન કરવાનું નક્કી કરાયું હતું. જેમાં વાલીઓ પાસે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી અને ગૂગલ મેપના આધારે નજીકની સ્કૂલો ફાળવવામાં આવી હતી. ઈઈ અંતર્ગત રાજ્યમાં ૬૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. જેમાં ૯ હજાર જેટલા વાલીઓએ તેમને દુરની સ્કૂલમાં અથવા તો પસંદગીની સ્કૂલમાં પ્રવેશ મળ્યા ન હોઈ વાંધા અરજી રજૂ કરી હતી. અમદાવાદમાં સૌથી વધુ મુશ્કેલી હતી અને લગભગ ૭૫૦૦ વાલીઓએ પોતાની વાંધા અરજી ડીઈઓ કચેરીમાં આપી હતી.

દરમિયાન વાંધા અરજી આપી દીધા બાદ પણ તેમને હજુ સુધી પ્રવેશ ફાળવવામાં આવ્યા ન હોઈ વાલીઓમાં આક્રોશ ફેલાયો હતો અને વાલીઓ મોટી સંખ્યામાં ડીઈઓ કચેરી ખાતે ઉમટી પડ્યા હતા. ડીઈઓ કચેરી ખાતે વાલીઓ રજૂઆત કરવા માટે આવ્યા પરંતુ તેમને સાંભળવાની કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવી ન હોવાથી વાલીઓમાં વધુ આક્રોશ ફેલાયો હતો. શુક્રવારે ૧૦૦ જેટલા વાલીઓ ડીઈઓ કચેરી ખાતે ઉમેટી પડ્યા હતા અને પ્રવેશ બાબતે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

ડીઈઓ કચેરી ખાતે પુરતી માત્રામાં સ્ટાફ ન હોવાના લીધે રજૂઆત માટે આવતા વાલીઓને સાંભળવામાં આવતા ન હોવાનો લૂલો બચાવ કર્મચારીઓ કરી રહ્યા છે. જો કે વાલીઓની મુશ્કેલી સાંભળી તેના નિરાકરણ માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી ન હોઈ વાલીઓમાં રોષ ફેલાયો છે. અગાઉ પણ વાંધા અરજીની તપાસ માટે વાલીઓ કચેરી ખાતે આવ્યા ત્યારે તેમને યોગ્ય જવાબ આપવામાં ન આવતા શુક્રવારે વધુ સંખ્યામાં વાલીઓ ઉમટી પડ્યા હતા.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

અમદાવાદ એરપોર્ટ નવાં કલેવર ધરશે

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવતા દરેક પ્રવાસી માટે તેમની મુલાકાત એક અનોખો અનુભવ બની રહે તે માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (ઍનઆઈડી) અમદાવાદ દ્વારા તેને નવા રંગરૂપ આપવામાં આવશે. જેમાં કન્ટેમ્પરરી ડિઝાઈન અને સાંસકૃતિક પાસાઓને સમન્વયથી એક કલાત્મક સ્વરૂપ આપવામાં આવશે.

તાજેતરમાં જ ઍનઆઈડીના ડિરેક્ટર પ્રોફેસર પ્રદ્યુમ્ન વ્યાસે એનઆઈડીના ફેકલ્ટી સાથે એરપોર્ટના ડિરેક્ટર મનોજ ગંગલની મુલાકાત લીધી હતી. આ પ્રોજેક્ટનો એક્શન પ્લાન તૈયાર કરવા માટે આ બંને ડિરેક્ટર સહિતની ટીમે એરપોર્ટની મુલાકાત પણ લીધી હતી. આ એક્શન પ્લાન મુજબ એરપોર્ટની ડિઝાઈન એવી રીતે તૈયાર કરવામાં આવશે, જેમાં દેખાવની દૃષ્ટિએ પ્રયોગાત્મક, સાંસ્કૃતિક પરંપરાગત તથા કલાત્મક પાસાની સાથે તેને કન્ટેમ્પરરી દેખાવ પણ મળે. એનઆઈડી એક્શન પ્લાન તૈયાર કરીને એરપોર્ટ ઓથોરીટીને સોંપશે.

એરપોર્ટ પર આવતા કોઈપણ પ્રવાસી કે મુલાકાતીને એરપોર્ટ પરથી ગુજરાતની ઓળખનો અહેસાસ થવો જોઈએ, સાથે સાથે તેમને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ અને વ્યવસ્થા પણ મળવી જોઈએ. આ બંને બાબતોનું આ પ્રોજેક્ટમાં ખાસ ધ્યાન રખાશે. આ ઉપરાંત એનઆઈડી દ્વારા દિલ્હીના નેશનલ સાયન્સ સેન્ટર ખાતે યોજાયેલા સરદાર પરના ડિજિટલ એક્ઝિબિશનને એરપોર્ટ પર લાવવાની પણ એક દરખાસ્ત મુકવામાં આવી છે.

ઍનઆઈડીના ડિરેક્ટર પ્રોફેસર પ્રદ્યુમ્ન વ્યાસે જણાવ્યું કે, 'એનઆઈડીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝને લાઈવ પ્રોજેક્ટ પર કામ કરવાનો અનુભવ છે. તેથી ભવિષ્યને ધ્યાનમાં રાખીને અમે વાઉવ ફેક્ટર ઉમેરવાની કોશિષ કરીશું.'

ગુજરાતમાં એટીડીસીનું કેન્દ્ર શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૭

દેશભરમાં એપરેલ સેકટરમાં સૌથી મોટી વ્યાવસાયિક પ્રશિક્ષણ આપતી સંસ્થા એપરેલ ટ્રેનીંગ એન્ડ ડિઝાઈન સેન્ટર (એટીડીસી) એ ગુજરાતમાં તેમનું નવું કેન્દ્ર શરુ કરવાનું નક્કી કર્યુ છે. ગુજરાતમાં ટેક્ષટાઈલ ક્ષેત્ર ઝડપભેર વિકસી રહ્યું છે ત્યારે તે સંબંધિત ક્ષેત્રોમાં કુશળ-તાલીમબધ્ધ યુવાનો ઉપલબ્ધ થઈ શકે તે માટે એટીડીસીએ આ નિર્ણય લીધો છે.

એટીડીસીના સીઈઓ ડો.ડર્લી કોશી અને એઈપીસીના વાઈસ ચેરમેન એચ.કે.એલ.મેગુ શુક્રવારે રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘ અને તેમની ટીમને મળ્યા હતા. દરમ્યાન ડો.ડર્લી કોશીએ જણાવ્યું કે, ગુજરાત એ દેશભરમાં ટેક્ષટાઈલ-એપરેલ મેન્યુફેક્ચરીંગ કલ્સટર્સ પૈકીનું એક છે. તેમણે અમદાવાદ-ગાંધીનગરમાં પ્રાદેશિક તાલીમ હબની સ્થાપના કરવા માટે ગુજરાત સરકાર સમક્ષ પ્રસ્તાવ મૂક્યો છે.

તેમણે કહ્યું કે, એટીડીસી, ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કીલ સેન્ટરની સ્થાપના કરવાની યોજના ધરાવે છે. જેમાં તેઓ એટીડીસી-સ્માર્ટ સેન્ટર્સ અને ઈનોવેટિવ ડિઝાઈન્સ પર ફોક્સ સાથે એપરેલ ડિઝાઈન સેન્ટર (ફેશન અને ક્રાફ્ટ ડિઝાઈન અને ઈનોવેશન સેલ્સ) શરુ કરવા ઈચ્છે છે. રાજયમાં એપરેલ ઉદ્યોગ માટે નવી બ્રાન્ડ્સ અને વૈશ્વિક ફેશન માટે બી.વોક શરુ કરવાની યોજના પણ છે. એટીડીસી એ ભારતના એપરેલ સેકટર માટે સૌથી મોટા વ્યાવસાયિક તાલીમ નેટવર્ક તરીકે ઉભરી રહ્યું છે.

ગુજરાતી સાહિત્યમાં એવું કોઈ પાત્ર નથી જે પોતાનું વિશેષ નામ ખોઈ બેઠું હોય

હાસ્યલેખક રતિલાલ બોરીસાગરનું 'પરસ્પર' કાર્યક્રમ અંતર્ગત રમણલાલ નીલકંઠના 'ભદ્રંભદ્ર' પર વ્યાખ્યાન અમદાવાદ ખાતે યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

ખ્યાત હાસ્યલેખક રતિલાલ બોરીસાગરનું શુક્રવારે 'પરસ્પર' કાર્યક્રમ અંતર્ગત રમણલાલ નીલકંઠના 'ભદ્રંભદ્ર' પર વ્યાખ્યાન અમદાવાદ ખાતે યોજાયું હતું. આ પ્રસંગે હાસ્યલેખકોની સ્થિતિની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે 'મને હાસ્યલેખકોમાં પણ વર્ણાશ્રમ અનુભવાય છે. જેમ કે કવિઓ બ્રાહ્મણો છે કારણ કે તેમને સૌથી સન્માન અને પુરસ્કાર મળે છે તેમજ પુરસ્કારો પર જીવતા હોય એ પણ બ્રાહ્મણોનું જ લક્ષણ છે. વિવેચકો છે એ ક્ષત્રિયો છે, એ લેખકોને વાઢી નાખવાનું પણ જાણે છે તેમજ જેમ ક્ષત્રિયો ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કહેવાતા એમ લેખકોને સાચવી પણ જાણે છે. નવલકથાકારો વૈશ્યો છે, કારણ કે તેઓ સૌથી વધુ રૉયલ્ટી કમાય છે. હાસ્યલેખકો શૂદ્રો છે, જેમનું મૂલ્ય પણ ઓછું અને તેમના વિના સમાજને ચાલ્યું પણ નથી.'

માતૃભાષા અભિયાન, ક્રિએટીવ યાત્રા અને ગુજરાત લિટરેચર ફેસ્ટીવલના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ભદ્રંભદ્ર વિશે વાત કરતાં રતિલાલ બોરીસાગરે જ્યોતિન્દ્ર દવેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ભદ્રંભદ્ર વિશેષ નામ ન રહીને સામાન્ય નામ બની ગયું છે. ગુજરાતી સાહિત્યમાં એવું કોઈ પાત્ર નથી જે પોતાનું વિશેષ નામ ખોઈ બેઠું હોય અને બધામાં વહેંચાયેલું હોય. મારું એ જ સાચું! એવું પોતાના આગ્રહનું ભદ્રંભદ્રીય તત્ત્વ આજે પણ આપણામાં સચવાયેલું છે, તેથી ભદ્રંભદ્ર આજે પણ ટકી રહ્યું છે.

રમણલાલ નીલકંઠની સર્જકતા અને શૈલી અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે ભદ્રંભદ્ર આટલા વિચિત્ર વાતો કરતાં, નવા વાતાવરણ સામે, આવો જંગ છેડતું હોવા છતાં વિલન કેમ નથી બનતું ? કેમ આપણને પ્રિય છે? એ જ ભદ્રંભદ્રની અમરતાનું કારણ છે, એ જ રમણભાઈની સર્જકતાની ખૂબી છે કે આજે ૧૧૭ વર્ષ પછી પણ આ કૃતિ અંગે વાત કરતાં આપણને આનંદ આવે છે.

રવિવારથી રમઝાન માસનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

તા.૨૮ મેથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થઈ રહ્યો છે. શુક્રવારે મગરીબની નમાઝ બાદ, માહે શાબાન-૨૯ના રોજ રમઝાન માસનો ચાંદ દેખાયો નહોતો, જેથી રવિવારથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થશે. આ અંગે ગુજરાત ચાંદ કમિટીના પ્રમુખ મુફ્તી શબ્બીર અહેમદ સિદ્દીકીએ જણાવ્યું કે, તા.૨૬મી મે, ૨૦૧૭નાં રોજ, માહે શાબાન-૨૯ના રોજ સાંજે રમઝાન માસનો ચાંદ જોવા મળ્યો નથી. જેથી તા.૨૮ મે, ૨૦૧૭ રવિવારથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થશે.

રમઝાન માસનું મહત્વ સમજાવતાં તેમણે જણાવ્યું છે કે ઈસ્લામ ધર્મમાં રમઝાન માસનું ખાસ મહત્વ છે. જેમાં તરાવીહની ખાસ નમાઝ અદા કરવામાં આવશે. સાથે જ ઈફ્તારી, જરૂરિયાતમંદોને ભોજન તથા વસ્ત્રદાન પણ મુસ્લિમ બિરાદરો કરશે. ઈસ્લામ ધર્મ અનુસાર ૧૨ મહિનાઓમાં રમઝાન માસને સૌથી વધુ પવિત્ર અને શ્રેષ્ઠ માનવામાં આવે છે. રમઝાન માસમાં જ શબે કદ્રની એક રાત એવી આવે છે કે જેમાં ઈબાદત કરતાં એક હજાર મહિના સુધીની ઈબાદત કરી હોય તેવું ફળ મળે છે.

નવી ઊર્જા , આધ્યાત્મિક પ્રગતિ માટે

૧૧થી ૧૫ જૂન દરમિયાન અંબાજીમાં મૌન સાધના

ગાંધીનગર, તા. ૨૭

અંબાજી શક્તિપીઠ ખાતેના ઊર્જાયુક્ત વાતાવરણમાં ગાયત્રી પરિવાર દ્વારા સ્થાપવામાં આવેલા ગાયત્રી શક્તિપીઠ, ગબ્બર રોડ ખાતે શાંતિકુંજ-હરિદ્વાર ખાતે જે રીતે મૌન સાધના કે જેને અંતઃઊર્જા જાગરણ શિબિર થઈ રહી છે, એવી જ સાધના અંબાજી ખાતે નૂતન સંજીવની સાધના સત્ર તરીકે શરૂ કરવામાં આવી છે. આ સત્ર સંપૂર્ણ નિઃશુલ્ક એટલે કે વિનામૂલ્યે હોય છે અને તેને માટે અગાઉથી નોંધણી કરવાની હોય છે. આગામી મહિને તા.૧૧થી ૧૫ જૂન દરમિયાન આ નૂતન સંજીવની સાધના સત્ર થશે અને નવ દિવસીય લઘુ અનુષ્ઠાન પણ તા.૧૧થી ૧૯ જૂન દરમિયાન યોજાશે. ગાયત્રી સેવાશ્રમ ટ્રસ્ટ, અંબાજીના ડાહીબેન પટેલે જણાવ્યું કે આજના ઝડપી યુગમાં લોકોને સ્ટ્રેસ-માનસિક તણાવ વધી ગયો છે અને તેને કારણે દૈનિક જીવનમાં તેની અસર જોવા મળી રહી છે. આ સ્થિતિમાં વ્યક્તિ ભૌતિક રીતે સ્વસ્થ રહે એટલે કે માનસિક તાણ દૂર થાય, સ્ટ્રેસ ફ્રી બને અને આધ્યાત્મિક રીતે તેની પ્રગતિ થાય. માત્ર સ્વાર્થ માટે નહીં, પરંતુ પરમાર્થનો પણ વિચાર કરીને તેની સાધના કરે. ભારતમાં થઈ રહેલાં સાંસ્કૃતિક, વૈચારિક આક્રમણ સામે એક આધ્યાત્મિક બળ પણ પૂરું પાડે તેવા ઉદ્દેશ્ય સાથે આ વિના મૂલ્યે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ જ પ્રકારની શિબિર હરિદ્વારમાં ચાલતી હતી. હવે ગુજરાતમાં જ આ પ્રકારની વિશિષ્ટ સાધના શિબિરનો લાભ મળે તે માટે અંબાજી ખાતે આયોજન કરાયું છે.

શબ્દોમાં અપાર શક્તિ હોય છે અને ભારતીય પરંપરામાં શબ્દને બ્રહ્મ કહેવામાં આવે છે ત્યારે શબ્દોની સાથે સર્વાંગી સંયમ સાધીને એક ઉચ્ચ ઊર્જાની પ્રાપ્તિ સાધકને થઈ શકે છે. આ સાધના દ્વારા વ્યક્તિને એક આધ્યાત્મિક શક્તિની ચોક્કસ પ્રાપ્તિ થાય છે. સાથે જ વાતાવરણની પણ અસર થતી હોય છે ત્યારે આ શક્તિપીઠનું સ્થાન છે અને અહીં મા અંબાજીની ઊર્જાની સાથે વ્યક્તિની પોતાની સાધના અને ગાયત્રી મહામંત્રના જાપ દ્વારા વિશિષ્ટ બળ પ્રાપ્ત કરી શકે છે. જેનાથી ભૌતિક પ્રગતિની સાથે જ આધ્યાત્મિક ઉન્નતિ પણ થાય છે.

ઍન. સી. બોડીવાલા કોલેજમાં પ્રવેશ ફાળવવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૭

કાલુપુરની એન.સી. બોડીવાલા કોલેજમાં ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આર્ટસ અને કોમર્સમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો નિર્ણય લીધો છે. કોલેજમાં મહિલા પ્રોફેસરની જાતિય સતામણીની ફરિયાદ બાદ સરકાર દ્વારા કોલેજની માન્યતા રદ કરવાનો આદેશ કર્યો હતો. પરંતુ ભારે હોબાળાના પગલે જૂન સુધીનું એક્સટેન્શન આપ્યું હતું. જો કે હવે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવેશની જે ફાળવણી કરવામાં આવી રહી છે, તેમાં એન.સી. બોડીવાલા કોલેજને ગ્રાન્ટેડ કોલેજ તરીકે સમાવી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

પીજી મેડિકલની ઍસસી-ઍસટીની ખાલી બેઠકો પરસ્પર ટ્રાન્સફર કરવાનો મુદ્દો હવે મુખ્યમંત્રી સમક્ષ

શિક્ષણ વિભાગે કરેલા આદેશને માનવા મેડિકલ પ્રવેશ સમિતિનો ઈનકાર સામાજિક વિભાગ દ્વારા હવે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત બાદ નિર્ણયની સંભાવના

ગાંધીનગર, તા. ૨૭

પીજી મેડિકલ અને ડેન્ટલમાં ચાલતી પ્રવેશ પ્રક્રિયમાં પહેલા બે રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. પ્રવેશ પ્રક્રિયામાં અનામત કેટેગરીની બેઠકો નિયમ પ્રમાણે પરસ્પર ટ્રાન્સફર કરવાની હોય છે. જો કે, હાલમાં ચાલતી કાર્યવાહીમાં આવી કોઈ પ્રક્રિયા કરવામાં આવી નથી. તબીબી વિભાગે શિક્ષણ વિભાગે કરેલા પરિપત્રને પણ માનવા ઈન્કાર કરી દીધો છે. જેના પગલે અનુસૂચિત જાતિ વિદ્યાર્થી વાલી મંડળ દ્વારા હવે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. વિભાગ દ્વારા હવે મુખ્યમંત્રી સમક્ષ સમગ્ર મુદ્દાની વિગતો આપ્યા બાદ યોગ્ય નિર્ણય થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

કોઈપણ પ્રકારની પ્રવેશ પ્રક્રિયામાં એસ.સી. અને એસ.ટી. કેટેગરીની બેઠકો ખાલી પડે તો તેને સૌથી પહેલા પરસ્પર ટ્રાન્સફર કરવાની હોય છે. એટલે કે એસ. ટી. કેટેગરીની બેઠકો ખાલી પડે તો એસ. સી. કેટેગરીના વિદ્યાર્થીઓને ઓફર કરવી પડે છે. આ જ રીતે એસ.સી.ની બેઠકો ખાલી હોય તો એસ.ટી.કેટેગરીના વિદ્યાર્થીઓને ઓફર કરવાની હોય છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૧૬માં પરિપત્ર કરીને રાજયની દરેક પ્રવેશ સમિતિને આ પ્રકારે કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. જોકે પીજી મેડિકલ પ્રવેશ સમિતિમાં આવી કોઈ કાર્યવાહી કરાઈ નથી, એવો આક્ષેપ અનુસૂચિત જાતિ વાલી મંડળ દ્વારા કરવામાં આવ્યો છે.